# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-08-2025 MIDDAY: 1.20 TO 1.30

Day : SATURDAY National News

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જાપાનની બે દિવસની સફળ મુલાકાત બાદ ચીન જવા રવાના
2. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશનો વિકાસ દર 7.8 ટકા વધ્યો છે.
3. ભારતે ગુજરાતના અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો.
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી 'મન કી બાત' કાર્યક્રમ રજૂ કરશે.
5. ભારતના જુનિયર મુક્કેબાજોએ ચીનમાં આંતરરાષ્ટ્રીય યુવા બોક્સિંગ ગાલા ટુર્નામેન્ટમાં સાત સુવર્ણ, સાત રજત અને 12 કાંસ્ય ચંદ્રકો સાથે 26 ચંદ્રકો જીત્યા.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV-DAY-PM-JAPAN-(WITH-V-C)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જાપાનની બે દિવસની સફળ મુલાકાત બાદ ચીન જવા રવાના થયા છે. ચીનમાં, શ્રી મોદી શાંઘાઈ સહયોગ સંગઠન સમિટમાં હાજરી આપશે. જાપાન પ્રવાસના પહેલા દિવસે 15મા ભારત-જાપાન વાર્ષિક સમિટમાં હાજરી આપ્યા બાદ, પ્રધાનમંત્રી મોદી આજે ટોક્યોમાં 16 પ્રાંતના રાજ્યપાલોને મળ્યા. પ્રધાનમંત્રીએ રાજ્ય-પ્રાંત સહયોગની સંભાવના પર ભાર મૂક્યો. તેમણે તેમને 15મા વાર્ષિક સમિટ દરમિયાન શરૂ કરાયેલ રાજ્ય-પ્રાંત ભાગીદારી પહેલ હેઠળ કામ કરવા વિનંતી કરી જેથી સહિયારી પ્રગતિ થાય.

પ્રધાનમંત્રીએ રાજ્યપાલો અને ભારતીય રાજ્ય સરકારોને આ નવી પહેલનો લાભ લેવા અને ઉત્પાદન, ટેકનોલોજી, નવીનતા, ગતિશીલતા, આગામી પેઢીની માળખાગત સુવિધાઓ, સ્ટાર્ટ-અપ્સ અને SME ના ક્ષેત્રોમાં ભાગીદારી બનાવવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ રાજ્યપાલોને ભારતની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું. ત્યારબાદ શ્રી મોદી અને જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબાએ શિંકનસેન-બુલેટ ટ્રેન દ્વારા મિયાગી પ્રાંતમાં સેન્ડાઈની મુસાફરી કરી. તેઓએ સેમિકન્ડક્ટર ઉત્પાદનના મુખ્ય ઉત્પાદક ટોક્યો ઇલેક્ટ્રોન ફેક્ટરીની મુલાકાત લીધી. શ્રી મોદી અને શ્રી ઇશિબાએ ગઈકાલે વાર્ષિક શિખર સંમેલન દરમિયાન

પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી અને અનેક કરારોનું આદાન-પ્રદાન કર્યું. ચીનમાં, શ્રી મોદી શાંઘાઈ સહયોગ સંગઠન સમિટમાં હાજરી આપશે

આ અંગે માહિતી આપે છે અમારા સંવાદદાતા -રીતેશકુમાર

## (વોઈસ કાસ્ટ – રિતેશ કુમાર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GDP

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશનો વિકાસ દર **7.8** ટકા વધ્યો છે.

ચાલુ નાણાકીય વર્ષ **2025-26** ના એપ્રિલથી જૂન માસના સમયગાળામાં દેશનો કુલ ઘરેલુ ઉત્પાદન **(GDP) 7.8** ટકાના દરે વધવાનો અંદાજ છે.. ગયા નાણાકીય વર્ષના આ ત્રિમાસિક ગાળામાં **GDP 7.4** ટકા હતો.

આમાં બે બાબતો મહત્વપૂર્ણ છે. પ્રથમ, ઉત્પાદન ક્ષેત્રનું પ્રદર્શન ખૂબ સારું રહ્યું છે, સેવા ક્ષેત્રનું પ્રદર્શન સારું રહ્યું છે, બીજી તરફ વપરાશ પણ ખૂબ સારો રહ્યો છે. આ અંગે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે વધુ માહિતી આપી...

(બાઇટ- પિયુષ ગોયલ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ પ્રસંગે તેઓ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સાંજે અમદાવાદના જોધપુર અને વસ્ત્રાપુરમાં ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. આવતીકાલે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેઓ આવતીકાલે સાંજે ગાંધીનગરમાં ડાયલ 112 અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PRALHAD JOSHI GUNNY-BAGS

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ કોથળાના વપરાશ ચાર્જમાં લગભગ 40 ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. આ પગલાથી રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નાણાકીય રાહત મળશે, સરળ ખરીદી પ્રક્રિયા સુનિશ્ચિત થશે, ટકાઉ પેકેજિંગ પ્રથાઓને ટેકો મળશે અને ખાદ્યાન્ન ખરીદી અને વિતરણમાં કેન્દ્ર-રાજ્ય સહયોગ મજબૂત થશે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# COMMONWEALTH GAMES

ભારતે ગુજરાતના અમદાવાદમાં **2030** રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો.

ગુજરાતના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ સત્તાવાર દરખાસ્ત રજૂ કર્યા બાદ જણાવ્યું કે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ ભારતની સુગમ અને સમાવેશી રમતગમત કાર્યક્રમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## (બાઈટ – હર્ષ સંઘવી)

ભારતીય કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન અને ગુજરાત સરકાર વતી ગઈકાલે લંડનમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ ઔપચારિક બોલી રજૂ કરવામાં આવી હતી. આ બોલીમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટે યજમાન શહેર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

ખાસ કરીને છેલ્લા દસ વર્ષમાં, ભારતે રમતગમતને નવી દિશા આપી છે અને તમામ ખેલાડીઓ માટે નવી સુવિધાઓ ઉપલબ્ધ

કરાવવામાં આવી છે. અગાઉ, ભારતે 2010 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**BOXING-CHINA**

ભારતના જુનિયર મુક્કેબાજોએ ચીનના ઝિંજિયાંગમાં યોજાયેલી ત્રીજા "બેલ્ટ એન્ડ રોડ" આંતરરાષ્ટ્રીય યુવા બોક્સિંગ ગાલા - અંડર-૧૭/અંડર-૧૯/અંડર-૨૩ આનતરરાષ્ટ્રીય ટ્રેનિંગ કેમ્પ અને ટુર્નામેન્ટમાં કુલ 26 ચંદ્રકો જીત્યા, જેમાં સાત સુવર્ણ, સાત રજત અને 12 કાંસ્યચંદ્રકોનો સમાવેશ થાય છે.

જેમાં છોકરીઓની ટીમે.પાંચ સુવર્ણ, પાંચ રજત અને 6 કાંસ્ય ચંદ્રકો જીત્યા. છોકરાઓની કેટેગરીમાં બે સુવર્ણ, બે રજત અને છ કાંસ્યચંદ્રકો જીત્યા.

ભારતે 20 છોકરાઓ અને 20 છોકરીઓની 58 સભ્યોની ટુકડી મોકલી, જેમાં 12 કોચ, પાંચ સપોર્ટ સ્ટાફ અને એક રેફરી અને જજનો સમાવેશ થાય છે.

----------

## JK CLOUDBURST

જમ્મુ અને કાશ્મીરમાં, રામબન જિલ્લાના રાજગઢ તાલુકાના દ્રુપડા ગામમાં આજે વાદળ ફાટવાથી ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે અને બે અન્ય ગુમ થયા છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દળ, રાજ્ય

આપત્તિ વ્યવસ્થાપન દળ અને સ્થાનિક પોલીસની બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

અત્યાર સુધીમાં ચાર મૃતદેહો મળી આવ્યા છે અને ગુમ થયેલા લોકોને શોધવા માટે શોધ કામગીરી ચાલુ છે. અચાનક વાદળ ફાટવાથી અચાનક પૂર આવ્યું, જેના કારણે સામાન્ય જનજીવન પર ભારે અસર પડી છે. અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત આપવા માટે બચાવ કામગીરી ચાલુ છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ આજે પાંચમા દિવસે પણ બંધ રહ્યો. **270** કિલોમીટર લાંબા હાઇવે પર બે હજારથી વધુ વાહનો ફસાયેલા છે. ઘણા જિલ્લાઓમાં ઇંધણ, રસોઈ ગેસ, શાકભાજી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની તીવ્ર અછત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MAHA - ACCIDENT

મહારાષ્ટ્રમાં, બીડ તાલુકાના ધુળે-સોલાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે સવારે એક પુરપાટ ઝડપે જઇ રહેલા કન્ટેનરની ટક્કરથી છ

રાહદારીઓના મોત થયા છે. ભોગ બનનાર બીડ અને શિદોદ ગામના રહેવાસીઓ હતા. જેઓ પેંડગાંવમાં હનુમાન મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. પોલીસે કન્ટેનર ડ્રાઈવરની અટકાયત કરી છે, અને વધુ તપાસ ચાલી રહી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે આ જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .